**માનવ ગરીમા યોજનાને માનવ કલ્યાણ યોજનામાં મર્જ કરવા તેમજ યોજના હેઠળના વ્યવસાયો(ટ્રેડ)ની સંખ્યા તથા વિતરણ પદ્ધતિમાં ફેરફાર કરવાની બાબત.**

**ગુજરાત સરકાર**
**ઉદ્યોગ અને ખાણ વિભાગ**
**સચિવાલય, ગાંધીનગર**
**ઠરાવ ક્રમાંકઃ IMD/WRT/e-file/9/2023/3219/KH**
**તા.૦૧/૦૭/૨૦૨૪.**

**વંચાણે લીધાઃ**

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ SAI- ૧૦૮૧-૩૭૮૬-ખ, તા.૨૧/૦૮/૧૯૮૧

(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ SAI- ૧૪૯૫-૩૩૨૬-ભાગ-૩- ખ, તા.૧૯/૦૯/૨૦૦૯

(૩) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ SAI- ૧૪૯૫-૩૩૨૬-ભાગ-૩-ખ, તા.૨૫/૦૮/૨૦૧૧

(૪) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ SAI- ૧૦૨૦૧૫-૨૦૨૪-ખ, તા.૧૨/૦૧/૨૦૧૬

(૫) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ SAI- ૧૦૨૦૧૬-૪૩૯-ખ, તા.૧૯/૦૮/૨૦૧૬

(૬) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ SAI- ૧૨૦૧૬-૪૩૯-ખ, તા.૦૧/૦૩/૨૦૧૮

(૭) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ TAP-૧૦૨૦૧૧-૪૫૦૦૦૭-ખ, તા.૧૧/૦૯/૨૦૧૮.

(૮) માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને તા.૨૯/૦૯/૨૦૨૩ના રોજ થયેલ બેઠકની કાર્યવાહી નોંધ.

**આમુખઃ**

નાના પ્રકારના ધંધા રોજગાર કરતાં સમાજનાં નબળાં વર્ગના લોકોને સહાયભૂત થવા માટે તેમના ધંધાને અનુરૂપ સાધન-ઓજાર સ્વરૂપે સહાય આપવાની યોજના વંચાણે લીધેલ ક્રમાંક : (૧) થી અમલમાં મુકવામાં આવેલ છે. જ્યારે વંચાણે લીધેલ ક્રમાંક : (૨) થી (૭) અન્વયે વખતો વખતનાં સુધારા સાથે યોજના ચાલુ રાખવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૮) થી માનવ ગરિમા યોજનાને માનવ કલ્યાણ યોજનામાં મર્જ કરવા તેમજ યોજના હેઠળના વ્યવસાયો(ટ્રેડ)ની સંખ્યામાં તથા વિતરણ પદ્ધતિમાં ફેરફાર કરી વધુ અસરકારક બનાવવા રાજ્ય સરકાર દ્વારા તાલીમ, ટુલકિટ, ધિરાણ પર સહાય આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે, માનવ ગરિમા યોજનાને માનવ કલ્યાણ યોજનામાં મર્જ કરવા તેમજ યોજના હેઠળના વ્યવસાયો(ટ્રેડ)ની સંખ્યામાં તથા વિતરણ પદ્ધતિમાં ફેરફાર કરવાની બાબત તથા યોજનાને વધુ અસરકારક બનાવવા રાજ્ય સરકાર દ્વારા તાલીમ, ટુલકિટ, ધિરાણ પર સહાય આપવાનું નીચે મુજબની શરતો અને જોગવાઈઓને આધીન આથી ઠરાવવામાં આવે છે.

**પ્રસ્તાવિત યોજનાના મુખ્ય લક્ષણો:**

- બેઝિક કૌશલ્ય તાલીમ(વૈકલ્પિક):
- ટૂલકીટ સહાય(ઈ–વાઊચર દ્વારા) :
- ધિરાણ પર સહાય(વર્કિંગ કેપિટલ) :

**યોજનાનું સંચાલન અને અમલીકરણ:**

- માનવ ગરિમા યોજનાને માનવ કલ્યાણ યોજનામાં મર્જ કરવાથી હવે પછી "માનવ કલ્યાણ યોજના" અમલમાં રહેશે.
- માનવ કલ્યાણ યોજનાનું અમલીકરણ ઉધોગ અને ખાણ વિભાગ હસ્તકની કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોધોગ કચેરી દ્વારા કરવામાં આવશે.
- તાલીમ સંબંધીત તમામ કામગીરી માટે ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન નોડલ એજન્સી તરીકે કાર્ય કરશે.
- ટુલકીટને સંબંધીત તમામ આનુષંગિક કામગીરી માટે ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી.ની કચેરી નોડલ એજન્સી તરીકે કાર્ય કરશે.
- માનવ કલ્યાણ યોજના હેઠળ તમામ અરજદારોએ ઓનલાઈન અરજી "ઈ–કુટીર પોર્ટલ" પર કરવાની રહેશે.
- માનવ કલ્યાણ યોજનાનું અમલીકરણ તથા લાભાર્થીની પસંદગી "ઈ–કુટીર પોર્ટલ" મારફતે જ કરવાની રહેશે.

**માનવ કલ્યાણ યોજના અંતર્ગત નીચે મુજબની પદ્ધતિ અપનાવવાની રહેશે.**

- માનવ કલ્યાણ યોજના હેઠળ તમામ અરજદારોએ ઓનલાઈન અરજી "ઈ–કુટીર પોર્ટલ" પર કરવાની રહેશે.
- જો અરજદારશ્રી બેઝિક તાલીમ મેળવવા ઈચ્છુક હોય તો, તેમણે ઓનલાઈન અરજી કરતી વખતે જ તે અંગેનો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
- અરજદાર દ્વારા ઓનલાઈન કરવામાં આવેલ અરજીનું વેરિફિકેશન જિલ્લા ઉધોગ કેન્દ્ર કક્ષાએ કરવાનું રહેશે.
- જિલ્લા ઉધોગ કેન્દ્ર કક્ષાએ અરજદારશ્રીની અરજીની ચકાસણી થયા બાદ તે પૈકી પસંદગી પામેલ અરજીઓ ઓનલાઈન ડ્રો માટે જીલ્લા કક્ષાની સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવશે.
- ઓનલાઈન ડ્રો માં પસંદગી પામેલ લાભાર્થીઓને જ તેમની અરજી અનુસાર બેઝિક તાલીમ અને ટુલકીટ મળવાપાત્ર થશે.

**બેઝીક તાલીમ :**

- ઓનલાઈન ડ્રો માં સિલેક્ટ થયેલ લાભાર્થિઓને ૫ દિવસની જરૂરિયાત મુજબની બેઝિક તાલીમ(ઉધોગ સાહસિકતા અને સોફ્ટ સ્કીલ્સની તાલીમ, માર્કેટીંગ, ઓનલાઈન પેમેન્ટ). બેઝિક તાલીમ વૈકલ્પિક રહેશે.

- ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, RSETI (Rural Self Employment Training Institute) તથા અન્ય સંસ્થાઓ મારફતે ટ્રેનિંગ આપવામાં આવશે.
- લાભાર્થીની હાજરીને આધારે દૈનિક રૂ.૫૦૦/- સ્ટાઇપેન્ડ DBT(Direct Benefit Transfer) પદ્ધતિ મારફતે જ મળવાપાત્ર થશે.
- જે લાભાર્થીઓએ તાલીમનો વિકલ્પ પસંદ કરેલ ન હોય તેમને સીધી જ ટૂલકીટ મેળવવા માટે ઈ-વાઉચર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**વ્યવસાયો(ટ્રેડ)ની સંખ્યામાં ફેરફાર :**

- **ટૂલકીટ સહાય (ઈ-વાઊચર દ્વારા):**
- માનવ કલ્યાણ યોજના/માનવ ગરિમા યોજના અંતર્ગતના ૨૭ ટ્રેડ પૈકી નીચે મુજબના ૧૦ ટ્રેડ માટે લાભાર્થિઓએ "PM Vishwakarma" યોજના હેઠળ અરજી કરવાની રહેશે. નીચે મુજબના ૧૦ ટ્રેડ માટે લાભાર્થિઓને માનવ કલ્યાણ યોજના હેઠળ લાભ મળવાપાત્ર થશે નહીં.

| ક્રમ | ટુલ-કિટનું નામ | ક્રમ | ટુલ-કિટનું નામ |
|---|---|---|---|
| ૦૧ | દરજીકામ | ૦૬ | સુથારી કામ |
| ૦૨ | કુંભારીકામ | ૦૭ | ધોબીકામ |
| ૦૩ | ખેતીલક્ષી લુહારી/વેલ્ડિંગ કામ | ૦૮ | સાવરણી-સુપડા બનાવનાર |
| ૦૪ | કડિયા કામ | ૦૯ | માછલી વેચનાર / જાળી બનાવનાર |
| ૦૫ | મોચીકામ | ૧૦ | હેર કટિંગ (વાળંદ) |

- માનવ કલ્યાણ યોજના/માનવ ગરિમા યોજના અંતર્ગતના ૨૭ ટ્રેડ પૈકી નીચે મુજબના ૦૭ ટ્રેડને રદ્દ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જેથી, નીચે મુજબના ૦૭ ટ્રેડ માટે લાભાર્થીઓને માનવ કલ્યાણ યોજના હેઠળ લાભ મળવાપાત્ર થશે નહીં.

| ક્રમ | ટુલ-કિટનું નામ | ક્રમ | ટુલ-કિટનું નામ |
|---|---|---|---|
| ૦૧ | વિવિધ પ્રકારની ફેરી | ૦૫ | રૂમાંથી દિવેટ બનાવવાનું મશીન |
| ૦૨ | ગરમ, ઠંડા પીણા, અલ્પાહાર વેચાણ | ૦૬ | મોબાઇલ રીપેરીંગ |
| ૦૩ | ફ્લોર મિલ | ૦૭ | પેપર કપ અને ડિશ બનાવટ |
| ૦૪ | મસાલા મિલ | | |

- માનવ કલ્યાણ યોજના અંતર્ગત નીચે મુજબના ૧૦ ટ્રેડ માટે લાભાર્થીઓને ટુલકીટ મળવાપાત્ર થશે.

| ક્રમ | ટુલ-કિટનું નામ | ક્રમ | ટુલ-કિટનું નામ |
|---|---|---|---|
| ૦૧ | સેન્ટ્રિંગ કામ | ૦૬ | ઈલેક્ટ્રીક એપ્લાયન્સિસ રીપેરીંગ |

| | | | |
|---|---|---|---|
| ૦૨ | વાહન સર્વિસિંગ અને રીપેરીંગ | ૦૭ | દૂધ દહીં વેચનાર |
| ૦૩ | ભરતકામ | ૦૮ | પાપડ બનાવટ |
| ૦૪ | પ્લમ્બર | ૦૯ | અથાણા બનાવટ |
| ૦૫ | બ્યુટીપાર્લર | ૧૦ | પંચરકીટ |

- ઉપર્યુક્ત ૧૦ ટ્રેડ માટે ટુલકિટ્સની મહત્તમ કિંમત ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ TAP-૧૦૨૦૧૧-૪૫૦૦૦૭-ખ, તા.૧૧/૦૯/૨૦૧૮ મુજબની જ રહેશે.
- નાણાંકીય વર્ષના અંતે મળેલ અરજીઓની ચકાસણી થયા બાદ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ ઓનલાઈન ડ્રો માટે મંજૂર થયેલ પરંતુ ઓનલાઈન ડ્રોમાં પસંદ ન થયેલ અરજીઓને આવતા વર્ષે કેરી ફોરવર્ડ કરવાની રહેશે.
- ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી.ની કચેરી દ્વારા નિયુકત કરાયેલ ડીલર્સ દ્વારા લાભાર્થીને તેની પસંદગી મુજબની ટૂલકીટ ઈ-વાઉચર પદ્ધતિ અનુસાર મળવાપાત્ર થશે.
- ઈ-વાઉચર દ્વારા ટુલકિટ વિતરણ બાદ ગ્રીમકો કચેરીએ ડીલર્સને ટુલકિટની રકમનું ચૂકવણું કરવાનું રહેશે.
- ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી.ની કચેરી દ્વારા ટેન્ડર પદ્ધતિથી થર્ડ પાર્ટી એજન્સીની પસંદગી કરવાની રહેશે.
- ઈ-વાઉચર પદ્ધતિથી વિતરણ કરવામાં આવેલ ટુલકિટ મળ્યા અંગેનું ૧૦૦% વેરિફિકેશન થર્ડ પાર્ટી એજન્સીએ કરવાનું રહેશે. જિલ્લા દીઠ ૧૦૦% વેરિફિકેશન અંગેનુ પ્રમાણપત્ર ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી.ની કચેરીએ કમિશનરશ્રી, કુટીર અને ગ્રામદ્યોગની કચેરીને રજૂ કરવાનું રહેશે.
- થર્ડ પાર્ટી એજન્સીના વેરિફિકેશન બાદ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ૧૦% ટુલકિટનું ટીમ બનાવીને ઈન્સ્પેક્શન કરવાનું રહેશે. જિલ્લા દીઠ ૧૦% ઈન્સ્પેક્શન કર્યા અંગેનુ પ્રમાણપત્ર તમામ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની કચેરીએ કમિશનરશ્રી, કુટીર અને ગ્રામદ્યોગની કચેરીને રજૂ કરવાનું રહેશે.

**ધિરાણ પર સહાય :**

- લાભાર્થીઓને કેન્દ્ર અને રાજ્ય સરકારની જુદી-જુદી યોજનાઓ જેવી કે પી.એમ સ્વનિધિ, શ્રી વાજપાઇ બેન્કેબલ યોજના, દત્તોપંત ઠેંગડી કારીગર વ્યાજ સહાય યોજના તથા અન્ય બેંકેબલ યોજનાઓ હેઠળ ધિરાણ માટે અરજી કરી શકશે.

**યોજના અમલીકરણ અંગેની સામાન્ય શરતો :**

1. અરજદારશ્રીની ઉંમર ૧૮ થી ૬૦ વર્ષની હોવી જોઇએ.
2. આ યોજના ગુજરાતના શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોના તમામ લોકોને લાગુ પડશે.
3. કુટુંબ દીઠ એક લાભાર્થી જ આ યોજના અંતર્ગત લાભ મેળવી શકશે.
4. વિધવા અને બી.પી.એલ. કાર્ડ ધરાવનાર(૦ થી ૧૬ બી.પી.એલ સ્કોર ધરાવનાર) તથા ઓછી આવક ધરાવતાં લાભાર્થીઓની અરજીઓને અગ્રતા આપવાની રહેશે.
5. કુટુંબમાં કોઈ પણ વ્યક્તિ સરકારી કર્મચારી ન હોવો જોઇએ.
6. માનવ કલ્યાણ યોજના અંતર્ગત સાધન ઓજાર સ્વરૂપે સહાય મેળવવા કુટુંબની આવક મર્યાદા રૂ.૬ લાખ રહેશે.

7. અનુસૂચિત જાતિ પૈકીના અતિ પછાત વર્ગની – ૧૨ જાતિઓ માટે તેમજ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ પૈકી અતિ પછાત તેમજ વિચરતી અને વિમુક્ત જાતિઓ માટે કોઈ આવક મર્યાદા લાગુ પડશે નહીં.
8. નાણાંકીય વર્ષના અંતે મળેલ અરજીઓની ચકાસણી થયા બાદ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ ઓનલાઈન ડ્રો માટે મંજૂર થયેલ પરંતુ ઓનલાઈન ડ્રોમાં પસંદ ન થયેલ અરજીઓને આવતા વર્ષે કેરી ફોરવર્ડ કરવાની રહેશે.
9. માનવ કલ્યાણ યોજના અંતર્ગત સાધન ઓજાર સ્વરૂપે આપવામાં આવતી સહાયમાં જે તે વર્ષના લક્ષ્યાંકના ૫% કિટ્સ દિવ્યાંગ વ્યકિતઓ માટે અનામત રાખવાની રહેશે. જેમાં દિવ્યાંગ મહિલાઓને અગ્રતા આપવાની રહેશે.
10. માનવ ગરિમા યોજના અંતર્ગત ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા રૂ.૫૯/– કરોડની જોગવાઇ જ્યારે માનવ ગરિમા યોજના અંતર્ગત ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ માટે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા રૂ.૧૬.૫૦/–કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. બન્ને વિભાગ દ્વારા ઉપર્યુક્ત ગ્રાન્ટ ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકના કમિશનરશ્રી, કુટીર અને ગ્રામધોગના હવાલે મુકવામાં આવશે.
11. આગામી નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬થી ગ્રાન્ટ કમિશનરશ્રી, કુટીર અને ગ્રામધોગની કચેરીએ લક્ષ્યાંકની સાપેક્ષમાં ઉધોગ અને ખાણ વિભાગ મારફતે મેળવવાની કરવાની રહેશે.

આ યોજનાનાં અમલીકરણ માટે વિગતવાર સુચાનાઓ કમિશનરશ્રી કુટિર અને ગ્રામોધોગની કચેરીએ બહાર પાડવાની રહેશે.

આ વિભાગની સરખાં ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૦/૦૬/૨૦૨૪ની નોંધથી મળેલ મંજુરી અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવેછે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(નિલેશ મોદી)
નાયબ સચિવ(કુટીર ઉદ્યોગ)
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

–માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય ગાંધીનગર.

–માન.મંત્રીશ્રી(કુટિર ઉદ્યોગ)ના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર

-માન.મંત્રીશ્રી(આદિજાતિ વિકાસ)ના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર

-માન.મંત્રીશ્રી(સામાજિક ન્યાય અને અધિકારી)ના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર

-માન.રા.ક.મંત્રીશ્રી(કુટિર ઉદ્યોગ)ના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર.

–માન.રા.ક.મંત્રીશ્રી(સામાજિક ન્યાય અને અધિકારી)ના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર.

-માન.રા.ક.મંત્રીશ્રી(આદિજાતિ વિકાસ)ના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

-મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, બ્લોક નં.-૧/૫, સચિવાલય, ગાંધીનગર

-અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં)ના અંગત સચિવશ્રી બ્લોકનં-૪, સચિવાલય,ગાંધીનગર

-અધિક મુખ્ય સચિવશ્રી(સામાજિક ન્યાય અને અધિકારી)ના અંગત સચિવશ્રી બ્લોકનં-૫,સચિવાલય, ગાંધીનગર.

-અગ્ર સચિવશ્રી(આદિજાતિ વિકાસ)ના અંગત સચિવશ્રી બ્લોકનં-૫,સચિવાલય, ગાંધીનગર.

-સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગના અંગત સચિવશ્રી, બ્લોકનં-૪, સચિવાલય,ગાંધીનગર

-સચિવશ્રી(કુટિર અને ગ્રામોદ્યોગ) ના અંગત સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

-કમિશનરશ્રી કુટિર અને ગ્રામોદ્યોગ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

-મેનેજિંગ ડીરેકટરશ્રી, ગ્રીમકો, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

-એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ

-સર્વે જનરલ મેનેજરશ્રી,જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર(કમિશનરશ્રી કુટિર અને ગ્રામોદ્યોગની કચેરી મારફત)

-આઈ.ટી.શાખા, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગર(ઠરાવ વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારું)

-સિલેકટ ફાઈલ